# એપોલો સર્કલ પર કેબલ સ્ટેઇડ બ્રિજ આગામી ફેબ્રુઆરીમાં તૈયાર થઇ જશે

**નમુનારૂપ કેબલ સ્ટેઇડ બ્રિજમાં ૨૦૦ મીટરનો ગાળો કેબલ આધારિત રહેશે : બ્રિજ નિર્માણના અંતે ટ્રાફિકની અવરજવર સરળ અને સલામત બનશે : હાલ પ્રોજેકટનો અનુલક્ષી ૫૭ ટકા કામગીરી પુર્ણ થઇ છે**

ગાંધીનગર તા ૧૫

ગાંધીનગર શહેરમાં તમામ મુખ્યમાર્ગો સિકસલેન કરી દેવાયા છે. જયારે સેકટરોના એપ્રોચ માર્ગોનુ પણ તબક્કાવાર વાઇડનીંગ હાથ ધરવામાં આવ્યુ છે. ગાંધીનગર શહેરની સાથે અમદાવાદ તરફના રૂટમાં પણ ટ્રાફિકનો સિનારીયો બદલાયો છે. વાહનોની સંખ્યા વધતા માર્ગો પર સતત ટ્રાફિકનો ધમધમાટ જોવા મળે છે. જેને અનુલક્ષી રૂટમાં આવતા ક્રોસ જંકશન પર ટ્રાફિકની સમસ્યા પેચીદી બની છે. આ સ્થિતિને નિવારવા માટે માર્ગ મકાન વિભાગ કક્ષાએથી તબક્કાવાર જંકશનને અનુલક્ષી બ્રિજ બાંધવાનુ કામ હાથ ધરવામાં આવે છે. રક્ષાશકિત ઓવરબ્રિજના રૂટમાં આગળ સ્થિત એપોલો સર્કલ પર હાલ કેબલ સ્ટેઈડ બ્રિજ બાંધવાની કામગીરી ચાલી રહી છે જયારે આ બ્રિજના નિર્માણ પાછળ અંદાજિત રૂ ૧૦૨ કરોડનો ખર્ચ થવાનો છે ત્યારે હાલ આ બ્રિજનુ ૫૭ ટકા કામ પુર્ણ થઈ ગયુ છે. આગામી ફેબ્રુઆરી ૨૦૨૪ માં આ પ્રોજેકટની કામગીરી પુર્ણ કરી દેવાશે જેના અંતે આ રૂટમાં ટ્રાફિકની અવરજવર સલામત અને ઝડપી બનશે.

ગાંધીનગર શહેરની સાથે અમદાવાદ સહીતના વિસ્તારને જોડતા વિવિધ માર્ગોને પણ અપગ્રેડ કરવામાં આવી રહ્યા છે. એકબાજુ નેશનલ હાઈવે દ્વારા ચિલોડા સરખેજ માર્ગના પ્રોજેકટને અનુલક્ષીને રૂટમાં આવતા ક્રોસ જંકશનને અનુલક્ષી પણ ઓવર બ્રિજ તૈયાર કરી દેવાતા હવે ટ્રાફિકથી ધમધમતા આ રૂટમાં વાહનવ્યવહારની અવરવજર સરળ બની છે. જયારે બીજીતરફ ચ-૦ થી ઈન્દિરાબ્રિજ તરફ જવાના રૂટમાં પણ વિવિધ જંકશન પર લાંબા સમયથી ટ્રાફિક જામની સમસ્યા પણ પેચીદી બની હતી જેના લીધે રક્ષાશક્તિ સર્કલ પર ઓવરબ્રિજ તૈયાર કરવાની યોજનાનુ કામ પુર્ણ કરી દેવાતા હાલ આ વિસ્તારમાં ટ્રાફિકની સમસ્યામાં રાહત થઈ છે. જયારે એપોલો સર્કલ પર પણ રોજબરોજ ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળે છે.

આ વિસ્તારમાં નરોડા અને અમદાવાદ તરફ અલબત્ત ઈન્દિરાબ્રિજના રૂટમાં આગળ વધતા ટ્રાફિકને આ જંકશન પર ટ્રાફિકની દ્રષ્ટીએ પરેશાની ભોગવવી પડે છે. ક્રોસ જંકશન પર ટ્રાફિકની અવરજવર સરળ ન રહેતા જટીલ બને છે. આ સ્થિતિને ધ્યાનમાં રાખી તંત્ર દ્વારા આ ઠેકાણે નમુનારૂપ કેબલ સ્ટેઈડ બ્રિજ બાંધવાનુ આયોજન કરાયુ છે. જયારે આ બ્રિજનુ કામ પણ છેલ્લા એક વર્ષથી હાથ ધરવામાં આવ્યુ છે જો કે ડિઝાઈનના અભાવે અગાઉ ચાર મહીના સુદી બ્રિજની કામગીરી ઠપ્પ થઈ ગઈ હતી. જયારે હાલ આ કાર્યયોજનાનુ કામ પ્રગતિ હેઠળ

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં છેલ્લા ૬ માસમાં ટીબીના વધુ ૫૨૩ નવા દર્દીઓ મળ્યા

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર શહેરમાં છેલ્લા છ માસમાં ૫૨૩ નવા ટી.બી.ના દર્દીઓ મળી આવ્યા છે. શહેરમાં નોંધાયેલા ટી.બી.ના દર્દીઓમાં પુરૂષ દર્દીઓનું પ્રમાણ વધુ જોવા મળ્યુ છે.

આજે ગાંધીનગર શહેરી ટી.બી. ફોરમની મળેલ બેઠકમાં આ વિગતો રજુ કરાઈ હતી. મ્યુનિ. કમિશનર જે.એન. વાઘેલાની અધ્યક્ષતામાં મળેલ આ બેઠકમાં ટી.બી.ને લઈ સર્વગ્રાહી સમીક્ષા કરાઈ હતી.

આ સમયગાળા દરમ્યાન ટી.બી.ની સાથે અન્ય બિમારી ધરાવતા ૮ દર્દીઓના મોત થયાની પણ વિગતો રજુ થઈ હતી.

આ બેઠકમાં જે વિસ્તારોમાંથી વધુ દર્દીઓ મળી રહ્યા છે ત્યાં સર્વેલન્સ સઘન કરવા પર કમિશનરે ભાર મુક્યો હતો. ટી.બી. અધિકારી ડૉ. પટેલે જણાવ્યુ હતુ કે તમામ અર્બન પી.એચ.સી. પર બીજા અને ચોથા મંગળવારે આ અંગે ખાસ તપાસ હાથ ધરવામાં આવે છે તેમજ શંકાસ્પદ દર્દીઓને લઈ મોનીટરીંગ કરવામાં પણ આવી રહ્યુ છે. ગાંધીનગર મહાનગરપાલિકા ટી.બી. રોગ અંતર્ગત કામગીરીના દર્દીઓની નોંધણી, શંકાસ્પદ દર્દીઓની તપાસણી, સાજા થયેલ દર્દીઓનું પ્રમાણ, દર્દીઓની અન્ય બીમારીઓ, નિકક્ષય પોષણ યોજના, ટીબીના ઘરના સભ્યોમાં રોગ અટકાયત સારવારની કામગીરી, એક્ટીવ કેસ ફાઈન્ડીંગ, પ્રધાનમંત્રી ટીબી મુક્ત ભારત અભિયાન અંતર્ગત નિકક્ષય મિત્ર વધુમાં વધુ બનાવવા માટે ચર્ચા કરવામાં આવેલ હતી.

ગાંધીનગર મહાનગરપાલિકાના પ્રધાનમંત્રી ટી.બી. મુક્ત ભારત અભિયાન અંતર્ગત જરૂરીયાતવાળા તમામ દર્દીઓને ન્યુટ્રીશન સપોર્ટ કીટ ગાંધીનગર કોર્પોરેશનમાંથી આપવા માટે ચેરમેનશ્રી શહેરી ટી.બી. ફોરમ તેમજ કમીટીના તમામ સભ્યો સહમતી દર્શાવે છે. ટી.બી.ના વધુ ને વધુ દર્દીઓને શોધી અને સારવાર ઉપર મુકવા માટે અર્બન સ્લમ વિસ્તારને ઘનિષ્ટ સર્વેલન્સ કામગીરી કરવા માટે ચેરમેનશ્રીએ આરોગ્ય વિભાગને સુચના આપવામાં આવેલ છે. આ સૂચનાને પગલે આ સર્વેની કામગીરી આગામી માસના પ્રથમ સપ્તાહથી હાથ ધરવામાં આવશે અને સ્લમ એરિયામાં આવા દર્દીઓને શોધવા ઉપરાંત અન્ય કોઈ રોગચાળાની સ્થિતિ ઉભી ના થાય તે જોવા પણ જાગૃત્તિ અભિયાન છેડવામાં આવશે.

# ભૂપેન્દ્ર પટેલે જન્મદિવસે ત્રિમંદિર ખાતે દર્શન કર્યા

**અમિત શાહે ટ્વિટ કરીને તેમને શુભકામના પાઠવી**



ગાંધીનગર તા ૧૫

ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે તેમનો ૬૧મો જન્મ દિવસ ઉજવી રહ્યા છે. આ અવસર પણ તેમણે ત્રિમંદિર ખાતે દર્શન કર્યા. તેમણે સીમંધર ભગવાનના આશીર્વાદ લઈ રાજ્યના નાગરિકોની સુખાકારી માટે પ્રાથના કરી. મુખ્યમંત્રી આજે તેમના જન્મદિને અનેક સેવાકીય કર્યો કરી ઉજવણી કરશે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ટ્વિટ કરીને તેમને શુભકામના પાઠવી. અમિત શાહે લખ્યું, ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને જન્મદિવસની શુભકામનાઓ.

મોદીજીના માર્ગદર્શનમાં આપ રાજ્યની વિકાસયાત્રાને અવિરત રાખવામાં મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવી રહ્યા છો તેમજ વંચિત વર્ગના કલ્યાણ માટે સંપૂર્ણ સમર્પણ સાથે કામ કરી રહ્યા છો. આપના ઉત્તમ સ્વાસ્થ્ય અને દીર્ઘાયુ જીવન માટે કામના કરુ છું.

● અનુસંધાન પાન-૭ પર

# આગામી દિવસોમાં શહેરમાં સ્વચ્છતા અભિયાન સઘન બનાવવા તાકીદ

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર શહેરમાં આગામી દિવસોમાં આવાનારા સ્વચ્છતા સર્વેક્ષણને લઈ સફાઈ અંગે સઘન ઝુંબેશ હાથ ધરવાની સૂચના આજે મ્યુનિ. કમિશનર દ્વારા તંત્રના અધિકારીઓને આપવામાં આવી છે. તેમણે આ રોડમેપ ઝડપથી તૈયાર કરી અમલી બનાવવાની સૂચના પણ આપી છે.

આજે આ અભિયાનને લઈ યોજેલ ખાસ બેઠકમાં કમિશનરે વરસાદી પાણીનો નિકાલ થઈ ગયો છે ત્યારે માર્ગોની સફાઈ, ખુલ્લા પ્લોટોની સફાઈ અને સેક્ટોરની આંતરિક સફાઈ યોગ્ય રીતે થાય તે જોવા માટે ખાસ તાકીદ કરી છે.

મળતી વિગતો પ્રમાણે સફાઈ દદરમ્યાન ક્યાંય પણ વરસાદી પાણીનો ભરાવો થયો હોય અને મચ્છરોની ઉત્પત્તિ થતી જણાતી હોય તો આરોગ્યતંત્ર સાથે સંકલનમાં રહી જરૂરી કાર્યવાહી કરાવવામાં આવે તે પણ જરૂરી છે.

ચોમાસાની ઋતુ દરમ્યાન સ્વચ્છતાના અભાવે રોગચાળાની સ્થિતિ ઉભી ન થાય તે જોવા ખાસ આગ્રહ કર્યો હતો. ખાસ કરીને જાહેર ડસ્ટબીનો નિયમિત રીતે ઉપડે તેમજ તેની આસપાસ પાણીનો ભરાવો ના થાય તે જોવા જણાવ્યુ છે.

કમિશનરે આગામી દિવસોમાં સ્વચ્છતાને લઈ તંત્ર અને સ્વૈચ્છીક સંસ્થાઓ વચ્ચે સંયુક્ત બેઠક યોજવાનું તેઓ વિચારી રહ્યા હોવા અંગેનો પણ સંકેત આપ્યો હતો.

# આરોગ્યતંત્રની તપાસમાં જિલ્લાભરમાં ૯૬ પાણીના સ્ત્રોતોમાં ક્લોરીનેશન નહિ થયાનું જણાયુ

**ડ્રાઈવ અંતર્ગત ૪૩૦ જેટલા પાણીના સ્ત્રોતોમાં રેસીડ્યુઅલ ક્લોરીનેશન ટેસ્ટ હાથ ધરવામાં આવ્યા હતા**

ગાંધીનગર, તા. ૧૫

જિલ્લા આરોગ્યતંત્ર દ્વારા જિલ્લાભરમાં પાણીના ક્લોરીનેશન અંગે હાથ ધરાયેલ ડ્રાઈવમાં ૯૬ જેટલા સ્ત્રોતોમાં ક્લોરીનેશન ન થયાનું જણાતાં આરોગ્યતંત્ર ચોંકી ઉઠ્યુ છે.

જિલ્લા આરોગ્યતંત્ર દ્વારા આ ડ્રાઈવ અંતર્ગત ૪૩૦ જેટલા પાણીના સ્ત્રોતોમાં રેસીડ્યુઅલ ક્લોરીનેશન ટેસ્ટ હાથ ધરવામાં આવ્યા હતા અને જેમાં ૯૬ નમુના નાપાસ થયા હતા.

જિલ્લામાં પાણીજન્ય રોગચાળાના કેસો વધી રહ્યા છે. કલોલમાં કોલેરા અને ત્યારબાદ ઝાડા-ઉલ્ટીના કેસો મળ્યા હતા. આ પછી જિલ્લામાં પાણીજન્ય રોગચાળાના કેસોમાં થોડોક ઉછાળો જોવા મળતાં જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. વૈષ્ણવે આ અંગે ખાસ ડ્રાઈવ હાથ ધરવાની સૂચના આપતાં જિલ્લા રોગચાળા નિયંત્રણ કચેરી દ્વારા આ ડ્રાઈવ હાથ ધરવામાં આવી હતી.

ગ્રામીણ વિસ્તાર અને શહેરી વિસ્તારને આ ઝુંબેશમાં આવરી લેવામાં આવ્યા હતા. તંત્રની ટીમોએ હાથ ધરેલી ઝુંબેશમાં આટલી મોટી સંખ્યામાં ટેસ્ટ રિપોર્ટ નેગેટીવ જણાતાં તાત્કાલિક પંચાયતોને આ અંગે જાણ કરી ક્લોરીનેશન નિયમિત રીતે થાય તે જોવા માટે જણાવવામાં આવ્યુ છે.

ગ્રામીણ વિસ્તારમાં ક્લોરીનેશન નિયમિત થતુ નથી તેમજ ગ્રામીણ વિસ્તારમાં પેયજળની ગુણવત્તા સામે પણ પ્રશ્નાર્થો છે. આ સ્થિતિમાં તંત્ર દ્વારા યોગ્ય મોનીટરીંગ થાય તે જોવા પણ જણાવાયુ છે.

મળતી વિગતો મુજબ હવે ક્ષેત્રીય અધિકારીઓ જ્યારે ગ્રામીણ વિસ્તારમાં જાય ત્યારે ક્લોરીનેશન અંગે ક્રોસ વેરીફીકેશન કરે તેવી સૂચનાઓ પણ આપવામાં આવી હોવાનું જાણવા મળેલ છે. પેયજળના પુરવઠામાં ક્લોરીનેશન યોગ્ય રીતે થાય તે જોવા મનપાએ પણ પાટનગર યોજનાના તંત્રને જણાવ્યુ હોવાનું જાણવા મળેલ છે.

# શહેરમાં સે-૧ અને ૭માં ૫૦ લાખના ખર્ચે પાણીના નવા બોર બનાવાશે

**બન્ને સેકટરોમાં છેલ્લા ચાર મહીનાથી બોર ફેઇલ થઇ જતા તંત્રએ વિભાગને દરખાસ્ત કરી**

ગાંધીનગર તા ૧૫

ગાંધીનગર શહેરના સેકટરોમાં હાલ નર્મદાનુ પાણી સપ્લાય કરવામાં આવે છે. શહેરના નવા તેમજ જુના સેકટરોમાં કોમન સપ્લાય આપવામાં આવે છે. જયારે પાણીના સપ્લાયને વધુ અસરકારક બનાવવા માટે સેકટરોમાં બોર પણ તૈયાર કરવામાં આવ્યા છે. પરંતુ સમય જતા સેકટરોમાં બોર પણ ફેઈલ થવાના કિસ્સા વધ્યા છે. હાલ શહેરના સે-૧ અને સે- ૭ માં છેલ્લા ચાર મહીનાથી પાણીનો બોર ફેઈલ થઈ ગયો છે જેના લીધે તંત્રએ આ બન્ને સેકટરોમાં નવા બોર બનાવવા માટે દરખાસ્ત કરી છે. નવા બોર બનાવવા માટે અંદાજિત રૂ ૫૦ લાખનો ખર્ચ કરવામાં આવશે.

ગાંધીનગરમાં પાણીની સમસ્યા છેલ્લા ઘણાં સમયથી સ્થાનિકો માટે કકળાટનુ કારણ બને છે. ઉનાળાની ગરમીના દિવસોમાં પણ સતત પાણીની પોકાર ઉઠતી રહે છે. જયારે વરસાદી દિવસોમાં સેકટરોમાં એકબાજુ પાણીનો ભરાવો થતો હોય છે ત્યારે રહીશોના ઘરમાં નળમાં પુરતા ફોર્સથી પાણી સપ્લાય ન થતુ હોવાનો આક્રોશ પણ અનેકવાર ઉઠે છે. શહેરનો સ્માર્ટ સીટીમાં સમાવેશ થતા માળખાગત સુવિધાઓને પણ અપગ્રેડ કરી સ્માર્ટ સ્વરૂપ આપવા માટે આયોજન કરવામાં આવ્યુ છે. દાયકાઓ જુની કટાયેલી અને સાંકડી પાણીની લાઈનના ઠેકાણે નવી પાઈપલાઈન નાંખવા માટે છેલ્લા બે વર્ષથી સેકટરોમાં ખોદકામ ચાલી રહ્યુ છે જેના અંતે આગામી દિવસોમાં રહીશોને ૨૪ કલાક પાણીનો સપ્લાય મળશે તેવી આશ પણ બંધાઈ છે. પરંતુ હજુ આ પ્રોજેકટને પુર્ણ થતા સમય લાગે તેમ છે. શહેરમાં પાણીનો વપરાશ દેશમાં સૌથી વધુ હોવાનુ પણ મનાઈ રહ્યુ છે. ત્યારે ૨૪ કલાકના પ્રોજેકટનો અમલ થાય તે પુર્વે પણ પાણીની વ્યવસ્થા યોગ્ય રીતે જળવાઈ રહે તે માટે સરિતા અને ચરેડી વર્કસ ખાતે પણ ઈલેકટ્રીકના જરૂરી ઉપકરણો પણ બદલવા માટે તબક્કવાર કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. શહેરમાં પુરતા ફોર્સથી પાણી સપ્લાય કરવા માટે હાલ નર્મદાના પાણી ઉપરાંત સેકટરોમાં કાર્યરત બોરનો પણ ઉપયોગ કરવામાં આવે છે. જો કે પાણીના બોરનો ઉપયોગ લાઈન ભરવા માટે થાય છે જેથી સપ્લાય વધુ ફોર્સથી અને સમયસર આપી શકાય ત્યારે સેકટરોમાં પણ ઘણાં બોર સમયના અંતે વારંવાર ફેઈલ થતા હોવાની ફરિયાદો પણ વધી છે. હાલની સ્થિતિએ છેલ્લા ચાર દિવસથી સરિતા વોટર વર્કસમાં ટ્રાન્સફર્મરમાં ખામી સર્જાઇ હોવાના લીધે નવા સેકટરોમાં પાણી પુરવઠો

● અનુસંધાન પાન-૭ પર

# વિદ્યા સમીક્ષા કેન્દ્રની મુલાકાતે પધારતા વર્લ્ડ બેંકના ચેરમેન

ગાંધીનગર, તા.૧૫

ગુજરાત રાજ્યમાં ૨૨૦ અંતર્ગત આર્થિક મુદ્દાઓની ચર્ચા અને નીતિઓના સમન્વય માટે વૈશ્વિક મંચ ૨૨૦ દેશોના પ્રતિનિધિઓનું ગુજરાતમાં આગમન થાય છે ૨૨૦ની ચર્ચામાંથી પોતાનો અમૂલ્ય સમય ફાળવીને વિદ્યા સમીક્ષા કેન્દ્ર, ગાંધીનગર ખાતે ગુજરાતમાં શિક્ષણક્ષેત્રે થઈ રહેલી ઉત્કૃષ્ઠ કામગીરીનો અભ્યાસ કરવા માટે જેનેટ યેલન, સેક્રેટરી ઓફ ટ્રેઝરી (નાણા મંત્રી), યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકા અને અજય બાંગા, પ્રમુખ, વર્લ્ડ બેંક તારીખ ૧૬ જુલાઈ, ૨૦૨૩ના રોજ બપોરે ૨ થી ૩ કલાક દરમિયાન ગાંધીનગરની મુલાકાત લેશે

આ મુલાકાત દરમ્યાન, મહાનુભાવો અને તેમની ટીમ રાજ્ય સરકારના મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલેન્સઃ ઁછ- પ્રોજેક્ટ અંતર્ગત થઈ રહેલ કામગીરી તેમજ વિદ્યા સમીક્ષા કેન્દ્ર ખાતેથી થતાં ઓનલાઈન રીયલ ટાઈમ મોનીટરીંગની વિગતો મેળવી તેનું નિદર્શન પણ નિહાળશે. ગુજરાતમાં હંમેશા શિક્ષણ ક્ષેત્રે નવા શૈક્ષણિક સુધારાઓ અમલમાં મૂકી રાજ્યના શૈક્ષણિક સ્તરને સુધારવા માટે રાજ્ય સરકાર કટિબધ્ધ છે. સ્કૂલિંગ સુનિશ્ચિત કર્યા બાદ દરેક બાળકનું લર્નિંગ પણ સુનિશ્ચિત કરવાના ધ્યેયથી શ્રેણીબધ્ધ શૈક્ષણિક ગુણવત્તા સુધારણાના પગલાંઓ રાજ્ય સરકાર દ્વારા હાથ ધરવામાં આવ્યા છે.ઉત્તમ અને ગુણવત્તાયુક્ત શિક્ષણ દ્વારા બાળકોનો સર્વાંગી વિકાસ થાય તે હેતુથી રાજ્યમાં ૬ વર્ષમાં આશરે રૂ.૧૨,૫૦૦ કરોડ એટલે કે ૧.૫ બિલિયન ડોલરના ખર્ચે "મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ" હાથ ધરવાનું નક્કી કરવામાં આવેલ છે. આ ૬ વર્ષમાં તમામ સરકારી અને ગ્રાન્ટ-ઈન-એઈડ શાળાઓ મળી કુલ આશરે ૪૦,૦૦૦ મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ હેઠળ લાભાન્વિત કરવામાં આવશે. આ શાળાઓ પૈકી ૨૦,૦૦૦ શાળાઓને ઉત્કૃષ્ટ બનાવવા વિશ્વકક્ષાની માળખાકીય સુવિધાઓ અને શૈક્ષણિક સવલતો પુરી પાડી સ્કૂલ્સ ઓફ એક્સેલન્સમાં પરિવર્તિત કરવામાં આવશે.

# ગાંધીનગર જિલ્લા ફરિયાદ અને સંકલન સમિતીની બેઠક યોજાઈ

**ધારાસભ્યશ્રીઓ દ્વારા રજૂ થતાં પ્રશ્નોને અગ્રીમતા આપવા માટે અધિકારીઓને ભારપૂર્વક જણાવતાં કલેકટરશ્રી**



ગાંધીનગર

ગાંધીનગર જિલ્લા ફરિયાદ અને સંકલન સમિતિની બેઠક જિલ્લા કલેકટર શ્રી હિતેષ કોયાના અધ્યક્ષ સ્થાને જિલ્લા સેવા સદન, સેકટર- ૧૧ ખાતે યોજાઈ હતી.

આ બેઠકમાં ગાંધીનગરના ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલ, માણસાના ધારાસભ્ય શ્રી જે.એસ.પટેલ, કલોલના ધારાસભ્ય શ્રી લક્ષ્મણજી ઠાકોર દ્વારા વિવિધ પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા હતા. પદાધિકારીશ્રીઓ દ્વારા શાળાના ઓરડાઓની મરામત, રસ્તા, લાઈટ, આરોગ્ય સુવિધા, શાળામાં પીવાના પાણીની વ્યવસ્થા, જમીન- મહેસુલ, આંગણવાડીના મકાન, ૧૦૮ની સેવાને વિસ્તૃત કરવા, શાળાના કંપા.ન્ડ વોલ અને સુજલામૂ-સુફલામૂ યોજના જેવા વિવિધ જન સુખાકારી કામો અને અન્ય પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા હતા. ધારાસભ્યશ્રીઓ દ્વારા રજૂ થયેલા પ્રશ્નો પર સંબંધિત અધિકારી સાથે કલેકટરશ્રીએ સમીક્ષા કરી હતી. તેમજ ધારાસભ્યશ્રીઓ દ્વારા રજૂ થતાં પ્રશ્નોને અગ્રીમતા આપવા માટે પણ અધિકારીઓને ભારપૂર્વક જણાવ્યું હતું.

આ સંકલન સમિતિની બેઠકમાં જિલ્લા કલેકટર શ્રી હિતેષ કોયાએ વિવિધ કચેરીઓમાં નિવૃત્ત થતાં અધિકારીઓના પેશન કેસ, સરકારી બાકી લેહણાની ઉઘરાણી કરવા, યોગ્ય સમય મર્યાદામાં અરજીઓના નિકાલ અંતર્ગત સ્વાગત ઓનલાઈન જન ફરિયાદ નિવારણ, તુમારનો નિકાલ સહિત વિવિધ બાબતો પર સંબંધિત અધિકારીઓ પાસેથી માહિતી મેળવી હતી. આ બેઠકમાં ગાંધીનગર જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી દિલીપભાઈ પટેલ, ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રી હિતેષ મકવાણા, જિલ્લા વિકાસ અધિકારી શ્રી સુરભિ ગૌત્તમ, નિવાસી અધિક કલેકટર શ્રી ભરત જોષી સહિત જિલ્લાની વિવિધ કચેરીઓના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
Pidilite Roff TILE & STONE FIXING EXPERT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. : (ઓ) ૯૬૮૭૬ ૨૭૦૦૮
શાખા :
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૪૩૨૧૮૬, ૯૦૯૯૯૬૨૯૪૬
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, તથા બિલ્ડીંગ મટીરીયલ્સ
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT

# બિન હથિયારધારી ૬૩ PSI અને ૨૨ PIની બદલીના આદેશ

ગાંધીનગર તા ૧૫

ગુજરાતમાં ગૃહવિભાગમાં ફરીએક વાર પોલીસની બદલીનો ગંજીફો ચીપવામાં આવ્યો છે. ગઈકાલે ૬ આપીએસઅને ૨ ડીવાયએસપીની બદલી કરાઈ છે. રાજ્ય પોલીસ દળમાં ફરજો બજાવતા સીધી ભરતીના આપીએસઅધિકારીઓની ગૃહ વિભાગે બદલી કરી છે. બિશાખા જૈનને ગાંધીનગરથી મદદનીશ પોલીસ અધિક્ષક લીમખેડા મોકલાયા છે. જ્યારે રાઘન જૈનને મદદનીશ પોલીસ અધિક્ષક તરીકે દ્વારકા મોકલાયા છે. હવે આજે પોલીસ વિભાગમાં બિન હથિયારધારી ૬૩ પીએસઆઈ અને ૨૨ પીઆઈની બદલીના આદેશ થતાં પોલીસ વિભાગમાં અનેક પોલીસ કર્મીઓને ઝટકો લાગ્યો છે.

ગઈકાલે ૬ આઈપીએસ અને ૨ ડીવાયએસપીની બદલી કરાઈ છે. જેમાં નિધિ ઠાકુરની મદદનીશ પોલીસ અધિક્ષક તરીકે કામરેજ ખાતે બદલી કરાઈ છે.

ફ્લેટ વેચવાનો છે
2 BHK ફ્લેટ, પહેલા માળે, ગ્રીન સિટી, વાવોલમા વેચવાનો છે.
સંપર્ક કરો
મો ૮૯૦૫૧૯૫૯૫૦

# શહેરમાં નવા વાવેતરને વનતંત્રએ ફેન્સીંગની કામગીરી શરૂ કરી

ગાંધીનગર તા ૧૫

ગાંધીનગરમાં વરસાદી દિવસોની શરૂઆતથી જ વનંતત્રએ નવા રોપાઓની વાવણીનુ કામ શરૂ કરી દીધુ છે. ઉનાળાની ગરમીના દિવસોમાં વિવિધ ઠેકાણે ખાડા ખોદવાની કામગીરી પુર્ણ કરી દેવાયા બાદ પુરતો વરસાદ થઈ જતા શહેરમાં કલરકોડ મુજબ પણ રોપાઓ ઉછેરવા આયોજન કરાયુ છે. જયારે નવા વાવેતરની સાથે તેના યોગ્ય ઉછેર માટે પણ વન આરક્ષિત વિસ્તારમાં તુટેલી ફેન્સીંગ દુર કરી તબક્કાવાર નવી ફેન્સીંગ બનાવવા માટે પણ કામગીરી હાથ ધરવામાં આવી છે. જેમાં હાલ અમુક વિસ્તારમાં ફેન્સીંગ કરી દેવામાં આવી છે. જયારે મુખ્ય ઘ, ગ અને ક માર્ગને અનુલક્ષીને પણ તંત્રએ વિભાગને દરખાસ્ત કરી છે. આ અન્વયે પણ મંજુરીના અંતે કામ હાથ ધરવામાં આવશે.

ગાંધીનગરમાં વરસાદી દિવસોમાં એકબાજુ નવા રોપાઓની વાવણી કરવામાં આવી રહી છે. ઉનાળાની આકરી ગરમીના દિવસોમાં નવા વાવેતર માટે ખાડા ખોદવામાં આવ્યા હતા જયારે હવે પુરતા વરસાદના અંતે વનતંત્રએ મોટાભાગની ખુલ્લી જગ્યામાં નવા રોપાઓની વાવાણી કરી દીધી છે. જયારે બાકી ઠેકાણે વાવણીની કામગીરી ચાલી રહી છે. જયારે નવા રોપાઓની વાવણી સાથે વનતંત્રએ નવી ફેન્સીંગ પણ તૈયાર

● અનુસંધાન પાન-૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com